# કામની વાત

— ચન્દ્રકાન્ત અમીન

ઉનાળાનો બપોર હતો. ખૂબ તાપ પડતો હતો. ધરતી પણ ગરમ હતી અને ઉપર આકાશ પણ ગરમ હતું.

એક ઘરડો વેપારી કોઈ કામ અંગે ગામમાં આવ્યો હતો. પાછા ફરતાં બપોરનો સમય થઈ ગયો. રસ્તામાં ઝાડ - છોડ પણ નહોતાં કે જ્યાં બેસીને તે આરામ પણ લઈ શકે, પણ ઘરે પાછા ફરવાનું હતું એટલે તે ગરમીને ગણકાર્યા વિના ઝડપથી પગલાં ઉપાડતો હતો.

ગામની બહાર નીકળતાં જ એક યુવાન માણસ દેખાયો. એ યુવાન પણ શહેર બાજુ જ જઈ **રહ્યો**હતો. ઘરડો માણસ ઝડપથી પગલાં ઉપાડીને એ યુવાનની જોડે થઈ ગયો ને પૂછ્યું :

'ક્યાં જશો, ભાઈ ?'

યુવાને મીઠાશથી કહ્યું :

'રામ રામ, કાકા ! જરા શહેર બાજુ જવું છે.'

'એમ કે !' ડોસાએ ખુશ થતાં કહ્યું : 'હું પણ શહેરમાં જ જઈ રહ્યો છું. તમે શહેરમાં જ રહો છો ?'

'ના કાકા, મારું ઘર તો ખૂબ દૂર છે.' યુવાને પાછળની બાજુ આંગળી બતાવીને જણાવ્યું પછી બોલ્યો : 'હું તો શહેરમાં નોકરી શોધવા જાઉં છું.'

'ઠીક, હું તો શહેરમાં જ રહું છું. 'ડોસાએ કહ્યું.

'અહીં કોઈ કામ અંગે આવ્યા હતા ?'

'હા ભાઈ, થોડું ઘી લેવું હતું. શહેરમાં સારું નથી મળતું. એટલે હું તો આ ગામમાંથી જ ખરીદું છું. ચાલો, તમારો સાથ મળી ગયો તે સારું થયું. એકથી બે ભલા !'

'હાસ્તો કાકા, તમારી વાત સાચી છે. બે જણ હોઈએ તો રસ્તો ઉઠાવીને મોઢામાં મૂકી દઈએ. બસ, પછી તો ખબર જ ના પડે કે રસ્તો કેવી રીતે કપાઈ ગયો.'

'હેં.....!' ડોસાએ ચમકીને યુવાન તરફ જોયું. તેના હોઠ ફફડાટ કરી ઊઠયા : 'રસ્તો ઉપાડીને મોઢામાં મૂકી દઈએ.....!'

યુવાન કશું બોલ્યો નહીં. તેણે ડોસા તરફ નજર નાખીને મીઠું હસી લીધું.

ડોસો વિચારવા લાગ્યો :

'આ છોકરો ગાંડો તો નથી ને ! રસ્તો ઉપાડીને મોઢામાં મૂકવાની વાત કરે છે ! હંહ ! રસ્તો તો કોઈ વસ્તુ છે **કે** ઉપાડીને મોઢામાં મૂકી દેવાય ?'

ડોસાને એ છોકરા પર દયા આવી. તે વિચારવા લાગ્યો :

'વાહ રે કુદરત ! તું પણ કેવી વિચિત્ર છે ! આ છોકરો આટલો મોટો થયો પણ હજુ અક્કલ ના આવી. શહેરમાં આને કોણ નોકરી આપશે ? અને કદાચ નોકરી મળશે તો આ કરશે શું ? આવી ઉટપટાંગ વાતો કરશે તો કાઢી મૂકશે. દીનાનાથ, આનું શું થશે ?'

ડોસો આ પ્રમાણે વિચારતો હતો અને આગળ ડગલાં ભરતો હતો.

આગળ જતાં એક નદી આવી. આમ તો નદીનો પટ ખૂબ સાંકડો હતો : માંડ બાર–પંદર હાથ. પણ એ પાણીનો પ્રવાહ તેજ હતો. પાણી ઊંડું નહોતું. લગભગ કમર સુધીનું હતું.

ડોસાએ કિનારા પર અટકીને કપડાં ઉતાર્યાં. તે પછી નદીમાં ઊતર્યો.

પણ પેલા યુવાને શું કર્યું ? તેણે કપડાં ઉતાર્યાં પણ નહીં. એમ ઊંચાં પણ ના લીધાં. તે રસ્તા પર ચાલતો હોય એમ જ નદીમાં ઊતરીને ચાલવા લાગ્યો. યુવાનનાં કપડાં પલળી ગયાં.

નદીની બહાર આવીને ડોસાએ **સૂ**કાં કપડાં પહેરી લીધાં અને ફટાફટ ચાલવા લાગ્યા. પેલા યુવાનનાં કપડાં લથપથ થઈ ગયાં હતાં. એટલે તે કપડાંમાંથી પાણી નિચોવતો આગળ ચાલતો હતો.

પેલો ડોસો ફરી એક વખત યુવાનની મૂર્ખામી પર હસી પડયો.

આ બધું તો ઠીક છે, પણ વધારે રમૂજી વાત તો હવે બની !

નદી પાર કર્યા બાદ થોડે દૂર એક ઝાડ હતું. પેલો ડોસો તો ખૂબ થાકી ગયો હતો. ગરમી અને પરસેવાને કારણે તે હેરાન–પરેશાન થઈ ગયો હતો.

ઝાડનો છાંયડો આવતાં જ ડોસો તો ઊભો **રહ્યો**. ખિસ્સામાંથી રૂમાલ કાઢીને પરસેવો લૂછતાં લૂંછતાં તે બોલ્યો :

'ભાઈ, હું તો ખૂબ થાકી ગયો છું. હું તો અહીં આરામ કરીશ.'

યુવાન ઊભો રહ્યો, તેણે કહ્યું :

'હા કાકા, થાક તો મને પણ લાગ્યો છે. વાંધો નહીં, થોડી વાર આરામ કરી લઈએ.'

ડોસો એ ઝાડ નીચે બેસી પડયો.

યુવાન પણ ઝાડ નીચે બેઠો. પછી તેણે શું કર્યું ? પોતાની છત્રી ખોલીને માથા પર ધરી દીધી.



ડોસો તો યુવાનની આ ક્રિયા મોઢું ફાડીને જોઈ જ રહ્યો. તેને તો ખૂબ નવાઈ લાગી. યુવાન પાસે છત્રી તો હતી જ. પણ અત્યાર સુધી તેણે છત્રી બગલમાં દબાવી રાખી હતી. રસ્તામાં આટલો બધો તાપ પડતો હતો, ત્યાં તેણે છત્રી ખોલી નહોતી. અને ઝાડની નીચે

છાંયડો હોવા છતાં તેણે છત્રી ખોલી. ડોસાને એની આ વિચિત્રતા પર નવાઈ ન લાગે તો બીજું થાય શું ?

ડોસો વિચારવા લાગ્યો :

'અત્યાર સુધી હું આ છોકરાને મૂર્ખ સમજતો હતો. પણ આ તો પૂરેપૂરો ગાંડો લાગે છે. ગાંડો માણસ જ આવું વિચિત્ર વર્તન કરે ! પહેલાં તો તેણે રસ્તો ઉપાડીને મોઢામાં મૂકવાની વાત કરી. તે પછી કપડાં કાઢ્યાં વિના જ નદીમાં પડયો. અને આ છેલ્લી વખત તો તેણે હદ કરી નાખી. છાંયડામાં છત્રી ખોલવાની જરૂર જ શી ? પૂરેપૂરો ગાંડો લાગે છે.'

આવો વિચાર આવતાં જ ડોસો ગભરાઈ ગયો. તે તો ડરી જ ગયો. તેને વિચાર આવ્યો કે ગાંડા માણસ સાથે મુસાફરી કરવામાં પૂરેપૂરું જોખમ ! ગાંડા માણસનો ભરોસો શું ? ક્યારે કેવી ધૂન ચડી જાય અને શું નું શું ય કરી નાખે ! ગાંડા માણસને કંઈ ભાન તો હોય નહીં. બસ, એ તો ગમે તે કરી નાખે. આનું ભલું પૂછવું. ગાંડપણ ચડે તો મને ઝૂડવા જ માંડે, બાપ રે બાપ....આવા માણસને તો સો ગાઉના નમસ્કાર !

ડોસો તો એવો ડરી ગયો કે બસ, કશું બોલ્યા વિના ઊઠીને ચાલવા જ લાગ્યો.

આ જોઈને યુવાને પૂછ્યું :

'બસ કાકા, આરામ લઈ લીધો ?

ડોસાએ ચાલતાં–ચાલતાં જ કહ્યું.

'હા ભાઈ, મારો તો થાક ઊતરી ગયો. મારે ઝડપથી જવું છે.'

'ઠીક ત્યારે,' યુવાને ઊભા થતાં કહ્યું, 'ચાલો હું પણ સાથે જ આવું છું. જોડે ચાલીશું તો થાક ઓછો લાગશે.'

ડોસો ગભરાયો. તેણે વિચાર કર્યો :

'હું આનાથી દૂર ભાગવા માગું છું. પણ આ તો મને વળગવા જ માગે છે. કહે છે સાથે ચાલીશું ! અંહ, ગાંડા માણસોનો સાથ કેવો ? ભગવાન બચાવે આવા માણસોથી !

પણ ભગવાને તો આ ગાંડાને ડોસા સાથે જ જોડી દીધો. યુવાનને ના પણ શી રીતે પડાય ! ડોસાએ વિચાર કર્યો કે ના પાડવા જાઉં ને વીફરી બેસે તો ! એના કરતાં સબસે બડી ચૂપ ! યુવાન વાતો કરવાનો પ્રયત્ન કરે. પણ ડોસો તો ' **હં**, હું' સિવાય કંઈ બોલે જ નહીં.

ડોસો તો યુવાનથી છુટકારો મેળવવા માગતો હતો એટલે તે તો ખેંચાઈ–ખેંચાઈને લાંબાં ડગલાં ભરતો હતો. તે વહેલામાં વહેલી તકે શહેરમાં પહોંચી જવા માગતો હતો.

અને આખરે શહેર આવી ગયું.

શહેર આવતાં જ ડોસાએ છુટકારો મેળવી કહ્યુંઃ

'મારું તો ઘર આવી ગયું ભાઈ ! હું જઉં છું.'

'આવજો કાકા !' યુવાને **કહ્યું**, 'મારે તો અહીં કોઈ ઘર છે નહીં. હું તો ધર્મશાળામાં **ઊ**તરીશ'.

'ઠીક ત્યારે, રામ રામ !' કહીને ડોસાએ બીજો રસ્તો પકડયો.

'રામ રામ કાકા !' યુવાને મીઠું હસીને કહ્યું, 'એક વાત યાદ રાખજો, ઘરમાં પ્રવેશતાં પહેલાં ખોંખારો ખાવાનું રાખશો !'

આમ કહીને યુવાન આગળ ચાલવા લાગ્યો.

ડોસાને હાશ થઈ. તેણે વિચાર્યું :

'ચાલો, ગાંડાથી છૂટ્યા, જાન બચી **સો** લાખો પાયે !'

આમ વિચારતો તે ઘર તરફ આગળ વ**ધ્યો**.

ડોસાનું ઘર નજીકમાં જ હતું. ઘરમાં પેસતાં પહેલાં ડોસાને પેલા ગાંડાની છેલ્લી વાત યાદ આવી. એ સલાહ યાદ આવતાં જ તે હસી પડયો. ઘરમાં પેસતાં પહેલાં ખોંખારો ખાવાની શી જરૂર ?

છતાં પણ મશ્કરી ખાતર જ ડોસો જોરથી ઉધરસ ખાવા લાગ્યો.

ઘરમાં ડોસાની દીકરી હતી. તે વખતે અચાનક તેણે પિતાજીની ઉધરસનો અવાજ સાંભળ્યો એટલે એકદમ બૂમ પાડીને તે બોલી ઊઠી !

'પિતાજી, થોડી વાર બહાર ઊભા રહેજો. હું કપડાં બદલું છું.'

ડોસો બહાર રોકાઈ ગયો.

છોકરી ઝડપથી કપડાં બદલીને બહાર આવી. તેણે હસીને પૂછ્યું :

'શી વાત છે, પિતાજી ! તમે આ ખોંખારો ખાવાનું ક્યાંથી શીખી લાવ્યા ?'

ડોસો ઘરમાં આવ્યો. પાટ પર બેસીને રૂમાલ વડે પરસેવો લૂછતાં–લૂછતાં તે બોલ્યો :

'અરે બેટી, આજે રસ્તામાં એક ગાંડો મળી ગયો હતો. તેણે સલાહ આપી કે ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં ખોંખારો ખાવો જોઈએ.'

'ગાંડાએ સલાહ આપી હતી ?' છોકરીએ આશ્ચર્યથી કહ્યું, 'પિતાજી, કોઈ ગાંડો માણસ આવી બુદ્ધિની વાત ક્યાંથી કહી શકે ? જરૂર તે કોઈ બુદ્ધિશાળી માણસ હોવો જોઈએ.'

'બુદ્ધિશાળી ?' ડોસો મશ્કરીમાં ખડખડાટ હસી પડયો. 'અરે, તું એને બુદ્ધિશાળી કહે છે ? એ તો પૂરેપૂરો ગાંડો હતો. મને તો આખા રસ્તે એની બીક લાગતી હતી. ગાંડા માણસનો ભરોસો શો ? એ તો આડું–અવળું મારી પણ બેસે. બાપ રે બાપ, રસ્તામાં એવું વિચિત્ર વર્તન કરતો હતો કે તોબા.....!'

'કેમ, શું કર્યું તેણે ?' બેટીએ અધીરાઈથી પૂછ્યું.

'અરે, એકાદ મૂર્ખામી નહોતી.' ડોસાએ જોરથી હસતાં હસતાં કહ્યું, 'તું સાંભળીશ તો તને પણ હસવું આવશે. ગામમાંથી બહાર નીકળતાં જ મને મળી ગયો. મને થયું કે એકથી બે ભલા. એ વાત પણ કહેવા લાગ્યો :

'બે જણ હોઈએ તો રસ્તો ઉપાડીને મોઢામાં મૂકી દઈએ, પછી ખબર જ ના પડે કે રસ્તો કેટલો કાપ્યો ! તું જ કહે બેટા, રસ્તો તે કાંઈ મોઢામાં મૂકવાની વસ્તુ છે ? સાલો, ગાંડો જ હતો.'

'છોકરીએ મીઠું હસીને પૂછ્યું :

'પછી શું થયું ?'

'આગળ જતાં રસ્તામાં નદી આવી. જાણે છે એ ગાંડાએ શું કર્યું ?'

'શું કર્યું ?' બેટીએ આતુરતાથી પૂછ્યું.

'હું  તો કપડાં ઉતારીને નદીમાં ઊતર્યો. પણ એ ગાંડો તો કપડાં સાથે જ નદી પાર કરવા લાગ્યો, તેનાં બધાં કપડાં પલળી ગયાં.'

'એ તો પલળે જ ને !' છોકરી બોલી, 'પછી શું થયું ?'

'થોડે દૂર જતાં એક ઝાડ આવ્યું.' ડોસાએ પેલા ગાંડાની કથા આગળ ધપાવી : 'હું થાક્યો હતો એટલે આરામ કરવા ઝાડ નીચે બેઠો. એ ગાંડો પણ મારી જોડે આવીને બેઠો તેની પાસે છત્રી હતી. રસ્તામાં ભયંકર તાપ પડતો હતો. ત્યાં તેણે છત્રી ખોલી નહીં. પણ મૂરખાએ ઝાડના છાંયડામાં છત્રી ખોલી.

'પછી ?' છોકરીને ગાંડાની વાતમાં રસ પડતો હતો.

'પછી તો હું ઘર તરફ વળ્યો ત્યારે તે કહેવા લાગ્યો કે ઘરમાં પેસતાં પહેલાં ખોંખારો ખાવો જોઈએ. બાપ રે બાપ, તે ગયો ત્યારે મને હાશ થઈ. ગાંડા માણસનો વિશ્વાસ શો ? ના જ કરાય ને ! ગમે તે કરી બેસે.'

'તે કયાં ગયો પિતાજી ?' છોકરીએ અધીરાઈથી પૂછ્યું.

'બીજે ક્યાં જવાનો હતો !' ડોસાએ હસતાં હસતાં કહ્યું, 'ધર્મશાળામાં રોકાવાનો છે. શહેરમાં નોકરી શોધવા આવ્યો છે. આ ગાંડાને કોણ નોકરી આપે ?'

'પિતાજી, તે ગાંડો નથી. ખરેખર બુદ્ધિશાળી છે.'

છોકરીની વાત સાંભળીને ડોસો તો ચમકી જ ગયો.

'શું કહ્યું ? એને તું બુદ્ધિશાળી કહે છે ?'

'હા  પિતાજી ! એની વાતોનો અર્થ તમે સમજ્યા નહીં એટલે તમે એને ગાંડો કહો છો. સાંભળો હું એની વાતનો અર્થ સમજાવું.

'હા ભઈ, તું મને સમજાવીશ ! ઠીક, સમજાવ !'

'પહેલી વાત તેણે એમ કહી કે રસ્તાને ઉપાડીને મોઢામાં મૂકી દઈએ, પછી ખબર જ ના પડે કે રસ્તો કેવી રીતે કપાયો ! આનો અર્થ એમ કે બે જણ હોય તો બોલતા રહે. એટલે વાતો કરતાં–કરતાં ચાલવાનું હોય તો ચાલવાની મજા આવે. એમ થતાં રસ્તો આરામથી પસાર થઈ જાય. વાતમાં મશગૂલ હોવાને કારણે થાકનો અનુભવ થતો નથી.'

'ઓ....હ.....હો....., આ વાત તો સાચી !' ડોસાનું માથું ડોલી ઊઠયું. તે બોલી ઊઠયો : 'હું તો ખરેખર આનો અર્થ નહોતો સમજ્યો. વાત તો બુદ્ધિપૂર્વકની જ છે. પણ બીજી વખત તો તેણે મૂર્ખામી જ કરી હતી. કપડાં ઉતાર્યા વિના નદીમાં....'

'ના પિતાજી, એ વાતમાં પણ બુદ્ધિ છે.'

‘શી ?’

છોકરીએ હસીને પૂછ્યું :

‘નદીનો પ્રવાહ તેજ હતો ને ?’

‘તને કેવી રીતે ખબર પડી ?’ ડોસા આશ્ચર્યથી પૂછ્યું, ‘વહેણ તો ખરેખર તેજ હતું પણ એ વાતની તને કેવી રીતે ખબર પડી ?’

‘એ યુવાનની બુદ્ધિથી.’ છોકરી ફરીથી મીઠું હસી, ‘વહેણ તેજ હતું, એટલે જ તેણે કપડાં ઉતાર્યાં નહોતાં.’

‘કેમ ભઈ, કપડાંને પ્રવાહ સાથે શો સંબંધ ?’

‘વાત એમ છે કે પ્રવાહ તેજ હોવાને કારણે નદીમાં તણાઈ જવાનું જોખમ હતું કપડાં વિના કોઈ તણાતું હોય તો લોકો એમ સમજે કે મડદું તણાય છે. પણ કપડાં સહિત કોઈ તણાતું હોય તો લોકો સમજે કે કોઈ મુસાફર ડૂબી **રહ્યો** છે એટલે તેઓ તરત જ તેને બચાવવાના ઉપાય કરે છે.’

‘અરે વાહ !’ ડોસાએ યુવાનનાં વખાણ કરતાં ક**હ્યું**, ‘હું તો એને ગાંડો જ સમજતો હતો. હવે મને સમજાયું કે ખરેખર તે બુદ્ધિશાળી છે. પણ....પણ....તાપમાં ખુલ્લા માથે ચાલવું અને છાંયડામાં છત્રી ખોલવી.....’

‘પિતાજી, એમાં જ તો બુદ્ધિ રહેલી છે, છોકરીએ ડોસાને વચમાં જ અટકાવીને કહ્યું, ‘તાપમાં છત્રી ખોલવાથી બધો તાપ છત્રી પર પડે છે. એ બધી ગરમી એક સાથે માથા પર પડે છે. ખરેખર તો તાપમાં છત્રી ઓઢવાથી વધારે ગરમી લાગે છે.’

‘તો પછી ઝાડના છાંયડામાં છત્રી ખોલવાનો શો અર્થ ?’ ડોસાએ પૂછ્યું.

‘ઝાડ પર અનેક જાતનાં પક્ષીઓ રહેતાં હોય છે. યુવાને છત્રી એટલા માટે ખોલી કે પક્ષીઓ ચરકે તો છત્રી પર પડે. છત્રીથી કપડાં ખરાબ થતાં અટકે.’

આખી વાત સાંભ**ળ્યા** પછી ડોસો તો પસ્તાવા લાગ્યો. તેમણે વિચાર કર્યો :

'હું જ મૂરખ કે આવા બુદ્ધિશાળી યુવાનને હું ગાંડો ગણતો હતો. હે ભગવાન, એટલા માટે તો હું તેની સાથે વાત કરવાનું ટાળતો હતો. જો મેં વાતો કરી હોત તો બીજી પણ બુદ્ધિની વાતો જાણવા મળત. પણ હવે પસ્તાવો કરીને **શો** ફાયદો ?'

ડોસાએ પસ્તાવો વ્યક્ત કરતાં મોટેથી કહ્યું :

'બેટી, તો તેની છેલ્લી વાત કંઈક બુદ્ધિપૂર્વકની જ હશે.'

'હાસ્તો પિતાજી ! તેના કહેવાથી જ તમે બારણા આગળ અટકીને ખોંખારો ખાધો. હું કપડાં બદલતી હતી. એટલે તમને ઊભા રહેવાનું **કહ્યું**. આ તો ઘણી સારી ટેવ છે.'

ડોસો તો ચૂપ જ થઈ ગયો.

બે નાનાં છોકરાં આજે તેને બુદ્ધિની વાત શીખવતાં હતાં.

થોડી વાર રહીને છોકરીએ કહ્યું :

'જુઓ પિતાજી, હજુ હું તમને ચતુરાઈની એક વાત સાબિત કરી આપું.'

છોકરીએ એક થાળીમાં કેટલીક રોટલી અને શાક મૂક્યાં. થાળીમાં વાડકી મૂકીને તેમાં દાળ પણ રેડી. એ થાળી નોકરને આપતાં કહ્યું :

'ધર્મશાળામાં હમણાં જ એક યુવાન મુસાફર આવ્યો છે. આ ભોજન તેને આપી આવ. કહેજે કે તમારી સાથે વૃદ્ધ મુસાફર હતા, તેમણે મોકલાવ્યું.'

'સારું !' કહીને નોકર થાળી ઉઠાવીને ચાલવા લાગ્યો.

છોકરીએ કહ્યું :

'જો **ધ્યાન**થી સાંભળ, એ મુસાફરને કહેજે :

સાગર છલોછલ ભરેલો છે. આકાશમાં અગણિત તારા છે. આઠ દિશાઓ છે. જવાબ **એ જે** કહે તે આવીને મને જણાવજે.'

નોકર ગયો. ડોસાને તો ખૂબ નવાઈ લાગી :

'બેટી, આ તેં શું કહ્યું ? આનો શો અર્થ ?'

છોકરીએ હસીને કહ્યું :

‘પિતાજી, મને નોકર પર શંકા છે. એ રસ્તામાં ચોરીને ખાઈ ના લે !’

‘પણ આવું કહેવાનો શો અર્થ ?’

‘આનાથી મને ખબર પડશે કે નોકરે ચોરી કરી છે કે નહીં !’

ડોસાએ આંખ ફાડીને પૂછ્યું :

‘એ કેવી રીતે ?’

‘હમણાં તમને ખબર પડશે. ચાલો, તમે જમવા બેસી જાઓ !’ એમ કહીને છોકરી રસોઈ પીરસવા લાગી.

થોડી વારમાં નોકર પાછો આવ્યો.

છોકરીએ પૂછ્યું :

‘ભોજન આપી આવ્યો ?

‘હા જી !’

‘મેં કહેવડાવ્યું હતું તે જણાવ્યું ?’

‘કહ્યું હતું !’

‘શો જવાબ આપ્યો ?’

‘માલકિન, એ તો કંઈ ગાંડા જેવું જ બોલ્યો.’

નોકરે મશ્કરીમાં હસતાં કહ્યું, ‘એમણે કહ્યું કે સાગર અડધો સુકાઈ ગયો છે. આકાશમાં આઠ–દશ તારા જ છે. અને દિશાઓ તો ચાર જ છે !’

નોકર આગળ કંઈ બોલવા જતો હતો, તેને અટકાવીને છોકરીએ ગુસ્સાથી કહ્યું :

‘પહેલાં તો તું મને એ જણાવ કે તેં ચોરી કેમ કરી ?’

‘ચોરી ?’ નોકર એકદમ ગભરાઈ ગયો. નોકરનો ચહેરો ઝાંખો પડી ગયો. તેના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. મૂળ વાત એ હતી કે તેણે ચોરી કરી જ હતી.

છોકરીએ થાળીમાં મોકલેલી રસોઈ જોઈને નોકર લાલચમાં પડી ગયો. ઘીનો વઘાર કરેલી દાળ ઘીથી લથપથ રોટલીઓ અને મસાલેદાર શાક જોઈને તેના મોઢામાં પાણી આવી ગયું. રસ્તે જતાં જતાં તેણે વિચાર કર્યો :

'આટલી બધી રોટલીઓ છે. દાળ અને શાક પૂરતાં છે. આમાંથી થોડું ખાઈ લઉં તો પણ કોને ખબર પડવાની છે ?'

બસ, આવો વિચાર આવતાં જ તે ઝટપટ **અડધું** ખાઈ ગયો. તેણે વિચાર્યું કે તેને ખાતાં તો કોઈએ જોયો નહોતો, તો પછી આ વાતની ખબર કેવી રીતે પડી ? આશ્ચર્ય અને ગભરાટથી તેની જીભ તોતડાવા લાગી :

'મ....મ....માલકિન !'

'સાચે–સાચું કહે !' છોકરીએ ગુસ્સાથી કહ્યું, 'તેં ચોરી કરી છે ને ?'

'જી !'

છોકરીએ ઝડપથી પૂછ્યું :

'તું ચાર રોટલી ખાઈ ગયો ને ?'

'જી !' નોકરની તો આ સાંભળીને આંખ જ પહોળી થઈ ગઈ. તેને થયું કે મારી ચોરીની ખબર કેવી રીતે પડી ? ગમે તેમ પણ તેને ખાતરી થઈ ગઈ કે ચોરીની ખબર પડી ગઈ છે. હવે જૂઠું બોલવાનો અર્થ નથી. તે ગભરાઈને બોલી ઊઠ્યો :

'ભૂલ થઈ ગઈ, માલકિન !'

'દાળ પણ અડધી પી ગયો હતો ને ?'

'જી !'

'અને શાક તો મોટા ભાગનું ખાઈ ગયો હતો !'

'હા જી !'

છોકરીનો બાપ ચૂપચાપ આ બધું સાંભળતો હતો. તેને તો ખૂબ નવાઈ લાગી. તેણે પૂછ્યું :

'પણ બેટી, આ વાત તે કેવી રીતે જાણી ?'

'બુદ્ધિની તાકાતથી !' છોકરીએ હસીને કહ્યું, 'તમને યાદ છે ને, મેં કહ્યું હતું કે સાગર છલોછલ ભરેલો છે. આકાશમાં અગણિત તારા છે એટલે કે શાકમાં બટાકા ઘણા છે. મેં આઠ રોટલી મોકલી હતી એટલે દિશાઓ આઠ છે એમ કહેવડાવ્યું હતું.'

'હા, પણ તે યુવાન તારી વાતનો અર્થ સમજ્યો હશે ?'

'હાસ્તો પિતાજી, એણે જવાબ મોકલાવ્યો છે. બુદ્ધિશાળી માણસો માત્ર વાત નથી સાંભળતા, તેનો અર્થ પણ તારવે છે.'

'વાહ, મને તો આજે જ ખબર પડી કે મારી બેટી આટલી બુદ્ધિશાળી છે.'

પોતાનાં વખાણ સાંભળી છોકરી શરમાઈ ગઈ. તેણેકહ્યું :

'પિતાજી, હું પેલા મુસાફરની બુદ્ધિની વાત કહું છું. તે મારી વાત તરત જ સમજી ગયો અને તેણે જવાબ પણ મારી ભાષામાં જ આપ્યો છે. સાગર અડધો છે, એટલે કે વાડકામાં દાળ અડધી જ છે. તારા આઠ–દશ દેખાય છે, એટલે કે બાકીનું શાક નોકર ખાઈ ગયો છે. દિશાઓ ચાર જ છે. આનો અર્થ એમ થાય કે રોટલીઓ ચાર જ છે. બસ, આ પરથી મને ખબર પડી ગઈ કે નોકરે ચોરી કરી છે.'

પછી તો ડોસાએ નોકરનો હિસાબ પતાવીને તરત જ છૂટો કરી દીધો.

પછી ડોસો ધર્મશાળામાં જઈને પેલા બુદ્ધિશાળી યુવાનને પોતાના ઘેર બોલાવી લાવ્યો.

પોતાની દીકરી તથા આ યુવાનની બુદ્ધિ પર તે ખુશ થઈ ગયો. તેને લાગ્યું કે આ બંને બુદ્ધિશાળીઓની જોડી સારી જામશે. એટલે એ બંનેનાં લગ્ન કરાવી દીધાં. પોતાની તમામ મિલકત એ બંનેને આપી દીધી.

આ પછી તો યુવાન ત્યાં જ રહી ગયો અને ડોસાના વેપારની દેખભાળ કરવા લાગ્યો.

■